ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૧૪ જુલાઈ, ૨૦૨૬

**ચોમાસા અને શિયાળાની ઋતુમાં આ ગામ અને તેની આસપાસનો નદી કિનારો સોળે કળાએ ખીલી ઊઠે છે**

**ગામમાં ૪૦૦થી વધુ પરિવારોનો વસવાટ, મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન**

**નદી કિનારે મોટા પાયે માછીમારીની પ્રવૃત્તિનો વિકાસ**

## મિની ગોવા તરીકે જાણીતું બનેલું ઉકાઈ જળાશયનું વિસ્થાપિત ગામ

# થુટી

ટાઉન ટોક





બાલુભાઈ બાબુભાઈ ગામીત : સરપંચ- થુટી

### થુટી જૂથ ગ્રામ પંચાયત કમિટી

- **સરપંચઃ** બાલુભાઈ બાબુભાઈ ગામીત
- **ઉપ સરપંચઃ** ચરૂસાબેન પૃથ્વીભાઈ ગામીત
- **સભ્યોઃ** વિપુલભાઈ મીરીયાભાઈ ગામીત
- શમુએલભાઈ રતનજીભાઈ ગામીત
- સંજયભાઈ રૂવાજીભાઈ કાથુડ
- જુનીયેશભાઈ રમેશભાઈ ગામીત
- ભારતીબેન અમિતભાઈ ગામીત
- જૈયતુબેન રવિશભાઈ ગામીત
- કુશિયાભાઈ ખેતીયાભાઈ ગામીત
- કરીનાબેન વિરસીંગભાઈ ગામીત
- સુજીતાબેન કલ્પેશભાઈ ગામીત
- **તલાટીઃ** ઉમાકાંતભાઈ વળવી




**તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકા મથકથી આશરે ૧૮ કિમી અને સોનગઢથી માત્ર ૭ કિમીના અંતરે આવેલું રણયામણું ‘થુટી’ ગામ આગામી દિવસોમાં પ્રવાસન નકશા પર ચમકે તેવી પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે. સદીઓ જૂની આદિવાસી સંસ્કૃતિને હ્દયમાં સમાવીને બેઠેલા આ ગામને હવે સરકાર દ્વારા એક સુંદર પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે સઘન હિલચાલ શરૂ કરવામાં આવી છે. થુટી ગામમાં વર્ષોથી ૪૦૦થી વધુ પરિવારો વસવાટ કરે છે, જેમાં મહત્તમ વસતી પ્રકૃતિપ્રેમી આદિવાસી સમાજની છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ગામને વરદાનરૂપ તાપી નદીના પાણીની સુવિધા મળવાને કારણે અહીં ખેતી સમૃદ્ધ થઈ છે, સાથે જ નદી કિનારે મોટા પાયે માછીમારીની પ્રવૃત્તિઓ પણ વિકસી છે. ખાસ કરીને ચોમાસા અને શિયાળાની ઋતુમાં આ ગામ અને તેની આસપાસનો નદી કિનારો સોળે કળાએ ખીલી ઊઠે છે. પ્રકૃતિની ચાદર ઓઢીને લીલોછમ બનેલો આ નજારો છેલ્લા કેટલાંક વર્ષોથી સહેલાણીઓ માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ સ્થળ પ્રવાસન ધામ તરીકે વિકસતાં જ પ્રવાસીઓની સંખ્યા વધશે અને સ્થાનિક આદિવાસીઓ માટે રોજગારીના અનેક નવા વિકલ્પો અને તકો ખૂલશે.**

### ઉકાઈ ડેમમાં વિસ્થાપિત થયા બાદ દેવલપાડા ગામ કેવી રીતે બન્યું ‘થુટી



તાપી નદી પર બનેલા ઉકાઈ ડેમ સાથે વિસ્થાપિતોનો મોટો ઇતિહાસ જોડાયેલો છે, જેમાંનું એક ગામ એટલે ‘થુટી’. આ ગામના ઇતિહાસ પર નજર કરીએ તો, ભૂતકાળમાં ગામની એક ટેકરી પર રહસ્યમય દીવો પ્રગટતો હતો. આ ધાર્મિક મહાત્મ્યને કારણે આ ગામ પહેલા ‘દેવલપાડા’ તરીકે ઓળખાતું હતું. વર્ષ-1968થી 1972 દરમિયાન ઉકાઈ ડેમના નિર્માણની પ્રક્રિયા શરૂ થઈ હતી. વર્ષ-1972માં ડેમ સાકાર થતાં જ અંદાજિત 134 પરિવારની વસતી ધરાવતું આખું દેવલપાડા ગામ ઉકાઈ જળાશયના પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. ત્યારબાદ આ વિસ્થાપિત પરિવારોને જળાશયના કિનારે પુનઃ વસન આપીને નવું ગામ વસાવવામાં આવ્યું હતું. નવજીવન પામેલું આ ગામ આજે ‘થુટી’ તરીકે પ્રખ્યાત બન્યું છે. ડેમના પાણીમાં ડૂબેલા દેવલપાડાથી લઈને નવી થુટી બનવા સુધીની આ સફર આજે પણ સ્થાનિકોના હૈયે જીવંત છે.



### રમત-ગમતના મેદાનના વિકાસ માટે તંત્ર સમક્ષ માંગ

થુટી ગામમાં વન વિભાગની જમીન પર આવેલું એક નાનકડું રમત-ગમતનું મેદાન સ્થાનિક યુવાનો અને બાળકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. હાલમાં ગામના રમતપ્રેમીઓ આ મેદાનનો ઉપયોગ ક્રિકેટ અને વોલીબોલ જેવી વિવિધ રમતો રમવા માટે કરી રહ્યા છે, જેનાથી ગ્રામીણ સ્તરે રમત પ્રવૃત્તિઓને મોટો વેગ મળી રહ્યો છે. જો કે, આ મેદાન પર હજુ પણ આધુનિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. જો રમત-ગમત વિભાગ અથવા સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ મેદાન પર જરૂરી પાયાની સુવિધાઓ અને સાધનો ઉપલબ્ધ કરાવવા માટે યોગ્ય પ્રયાસો કરવામાં આવે, તો ઉકાઈ જળાશયના રમણીય કિનારે રમત માટેની એક ઉત્કૃષ્ટ અને અલાયદી વ્યવસ્થા ઊભી થઈ શકે તેમ છે. આ બાબતે તંત્ર સકારાત્મક પગલાં ભરે તેવી ગ્રામજનોની પ્રબળ માંગ છે.

### શ્રી થુટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી

ગ્રામીણ વિસ્તારની મહિલાઓ આજે પુરુષ સમોવડી બનીને આર્થિક રીતે આત્મનિર્ભર બની રહી છે અને સમાજને એક નવી રાહ ચીંધી રહી છે. આવું જ એક પ્રેરણાદાયી અને ગૌરવપૂર્ણ ઉદાહરણ થુટી ગામમાં જોવા મળ્યું છે. આ ગામમાં સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત એક દૂધ ડેરી કાર્યરત છે. આ ડેરીની વિશેષતા એ છે કે તેનું સમગ્ર સંચાલન, નાણાકીય વ્યવહાર અને રોજબરોજનો વહીવટ ગામની જ મહિલાઓ દ્વારા ખૂબ જ કુશળતાપૂર્વક અને પારદર્શક રીતે કરવામાં આવે છે. હાલના સમયમાં આ દૂધ ડેરી સાથે ગામના કુલ ૧૪૦ જેટલાં સભાસદો જોડાયેલા છે. મહિલા સભાસદોની વહેલી સવારની અને સાંજની અથાહ મહેનતના પરિણામે ડેરીમાં દરરોજ સવાર-સાંજ થઈને કુલ ૮૦૦ લિટર જેટલા દૂધની મબલક આવક થાય છે. આ શ્વેત ક્રાંતિ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં મોટો ફાળો આપી રહી છે. ડેરીના સુચારુ વહીવટ માટે સુનિતાબેન સામાભાઈ ગામીત પ્રમુખ તરીકે, મીનાબેન ઝલૂભાઈ ગામીત ઉપપ્રમુખ તરીકે અને આશાબેન સાકારામભાઈ ગામીત ડેરીના મંત્રી તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. આ મહિલા હોદ્દેદારો પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી અન્ય નારીઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યાં છે. થુટી ગામની આ દૂધ ડેરી આજે સાચા અર્થમાં નારી સશક્તિકરણ અને સ્વનિર્ભરતાનું ઉત્તમ અને જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.

